જળસંપત્તિ વિભાગના ટેન્ડરથી હાથ ધરવામાં આવતા કામોમાં ખોદાણમાંથી નીકળનાર સખત પત્થર (H.M.) પૈકી કેટલા ટકા યુઝેબલ ગણવો તે અંગેની અધિક્ષક ઇજનેરશ્રીઓની સમિતિના ગઠન બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
હુકમ ક્રમાંક- એમઆઇએસ/૨૦૧૦/૧૭/(૨)/ M.I.CELL(ક-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા. /૧૦/૨૦૧૯
05 OCT 2019

સંદર્ભ: વિભાગના હુકમ ક્રમાંક- એમઆઇએસ/૨૦૧૦/૧૭/(૨)/ M.I.CELL.(ક-૧), તા.૨૧-૧-૨૦૧૪

આમુખ:

હાલમાં નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા.૨૧-૦૧-૨૦૧૪ ના સમાનાંકી ઠરાવમાં જળસંપત્તિ વિભાગના ટેન્ડરથી હાથ ધરવામાં આવતા કામોમાં ખોદાણમાંથી નીકળનાર સખત પત્થર (હાર્ડ રોક) ના જથ્થાની ગણત્રી કરીને, આ મળનાર સખત પત્થર (હાર્ડ રોક) ને ઇજારદારને સોપીને તે જથ્થાની કિંમત, ડ્રાફ્ટ ટેન્ડર પેપરમાં જણાવેલ એસ.ઓ.આર. ના બેઝીક ભાવ પ્રમાણે ઇજારદારના બીલમાંથી કપાત કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. અનુભવના આધારે જણાય છે કે જ્યારે આવી સખત પત્થર (હાર્ડ રોક) ની આઇટમ ધરાવતા કામના ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે ખોદાણમાંથી નીકળનાર ૧૦૦% સખત પત્થર (હાર્ડ રોક) ના જથ્થાની ૧૦૦% રીકવરી થવાની હોવાથી ઇજારદારો ટેન્ડરમાં ઉંચા ભાવો ભરે છે અને ઓવર ઓલ ટેન્ડર ઉંચુ આવે છે. જેના કારણે સરકારશ્રીને આર્થિક નુકશાન થવા સંભવ રહે છે. આ પ્રશ્ન નિવારવા માટે આ જોગવાઇને બદલે સખત પત્થર (હાર્ડ રોક) ની આઇટમ ધરાવતા કામના ટેન્ડર માંગવામાં આવે ત્યારે ખોદાણમાંથી નીકળનાર ૧૦૦% સખત પત્થર (હાર્ડ રોક) ના જથ્થાની એસ.ઓ.આર. ના ભાવે રીકવરી કરવાને બદલે સ્થળ ઉપર નીકળનાર સખત પત્થર (હાર્ડ રોક) પૈકી કેટલા ટકા જથ્થો ઉપયોગી (યુઝેબલ) ગણવો તે અંગે વિભાગ હસ્તકના અધિક્ષક ઇજનેરશ્રીઓની એક સમિતિનુ ગઠન કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે જળસંપત્તિ વિભાગના ટેન્ડરથી હાથ ધરવામાં આવતા કામોમાં ખોદાણમાંથી નીકળનાર સખત પત્થર (હાર્ડ રોક) ના જથ્થા પૈકી કેટલા ટકા જથ્થો ઉપયોગી (યુઝેબલ) ગણવો તે નક્કી કરવા માટે નીચે મુજબના અધિક્ષક ઇજનેરશ્રીઓનો સમાવેશ કરી સમિતિનુ ગઠન કરવામાં આવે છે.

(૧) અધિક્ષક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ વર્તુળ-૨, ખેરવા(મહેસાણા) - સભ્યશ્રી
(૨) અધિક્ષક ઇજનેરશ્રી, ભાવનગર સિંચાઇ યોજના વર્તુળ, ભાવનગર - સભ્યશ્રી
(૩) અધિક્ષક ઇજનેરશ્રી, કડાણા યોજના વર્તુળ, લુણાવાડા - સભ્યશ્રી
(૪) અધિક્ષક ઇજનેરશ્રી, હિંમતનગર સિંચાઇ યોજના વર્તુળ, હિંમતનગર - સભ્યશ્રી

ઉપરોક્ત સમિતિએ ઉપર જણાવ્યા મુજબ વિભાગના કામમાં સખત પત્થર (હાર્ડ રોક) ની ખોદાણની આઇટમ હોય તો સ્થળ પર નીકળનાર સખત પત્થર (હાર્ડ રોક) પૈકી કેટલા ટકા જથ્થો ઉપયોગી (યુઝેબલ) ગણવો તે અંગેનો સ્વયંસ્પષ્ટ સંકલિત અહેવાલ વિભાગને રજુ કરવાનો રહેશે. અધિક્ષક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ વર્તુળ-૨, મહેસાણાએ સંકલન કરવાનુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.પ્રજાપતિ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ

નકલ સાદર રવાના પ્રતિ,
(૧) સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશ, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) ખાસ સચિવશ્રી (જ.સં)ના અંગત મદદનીશ, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
(૩) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) વહીવટી સંચાલકશ્રીના અંગત મદદનીશ, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. ગાંધીનગર
(૫) નાણાંકીય સલાહકાર (જ.સં), ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સર્વે ઉપસચિવશ્રી (તાંત્રિક), ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સર્વે પ્રોજેકટ શાખાઓ (ક, ક-૨, ક-૩, જ, આઇ), ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૯) શાખા સીલેકટ ફાઇલ